


# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૧૩ | ૧૩ ઓક્ટોબર, ૨૦૧૬, ગુરૂવાર ; આસો સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



ગેરન્ટેડ ગિફ્ટ કુપન





# પંપોરમાં છુપાયેલા બંને આતંકવાદી ઠાર

## છેલ્લા ત્રણ દિવસથી જારી અથડામણનો અંત આવ્યો : ત્રાસવાદીઓની ઈમારતમાં ઉંડી શોધખોળ કરવામાં આવ્યા બાદ અન્ય કોઈ ત્રાસવાદી ન મળતા ઓપરેશન પૂર્ણ કરવાની જાહેરાત થઈ : હથિયારો કબજે

શ્રીનગર,તા. ૧૨

પંપોરમાં ઈડીઆઈ હોસ્ટેલમાં ઘુસેલા ત્રાસવાદીઓનો ખાત્મો બોલાવી દેવામાં આવ્યો છે. આની સાથે જ છેલ્લા ત્રણ દિવસથી ચાલી રહેલી અથડામણનો અંત આવી ગયો છે. સેનાએ આજે સવારે ઈમારતમાં છુપાયેલા બીજા ત્રાસવાદને મોતને ઘાટ ઉતારી દીધો હતો. ત્યારબાદ બિલ્ડીંગમાં અન્ય આતંકવાદીઓ છુપાયેલા હોઈ શકે છે તેવી શંકાના આધારે ઓપરેશન જારી રાખ્યું હતું પરંતુ અંદર અન્ય કોઈ ત્રાસવાદી ન મળતા આ ઓપરેશનને ખતમ કરવામાં આવ્યું હોવાની જાહેરાત કરવામાં આવી હતી. આની સાથે જ છેલ્લા ત્રણ દિવસથી જારી રહેલા ઓપરેશનનો અંત આવતા તંત્રએ રાહત અનુભવી હતી.

પંપોરમાં શ્રીનગર-જમ્મુ હાઈવે પર સ્થિત ઈડીઆઈની ઓફિસમાં ત્રાસવાદીઓ સોમવારે ઘુસી ગયા હતા. શરૂઆતમાં ત્રાસવાદીઓની સંખ્યા ત્રણ ગણવામાં આવી હતી. મંગળવારના દિવસે એક ત્રાસવાદી ઠાર થયો હતો. આજે બીજા ત્રાસવાદીને ઠાર કરાયો

● અનુસંધાન પાન-૭ પર



## ૨૨૦૦૦૦ કરોડના સંરક્ષણ કરારો પર હસ્તાક્ષર થયા છે

મુંબઈ,તા. ૧૨

સંરક્ષણ મંત્રી મનોહર પારીકરે આજે સર્જિકલ હુમલાના સંદર્ભમાં ચાલી રહેલા આક્ષેપબાજીના દોર વચ્ચે નિવેદન કર્યું હતું. સાથે સાથે તેમણે એમ પણ કહ્યું હતું કે છેલ્લા બે વર્ષના ગાળામાં ૨૨૦૦૦૦ કરોડની કિંમતના સંરક્ષણ સોદાબાજીના કોન્ટ્રાક્ટ ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

વ્યવસ્થાને વધુ ઝડપી અને અસરકારક બનાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. અતિ આધુનિક ટેકનોલોજી ધરાવનાર સાધનો મેળવવાના પ્રયાસ થઈ રહ્યા છે.

## જયલલિતાનું સ્વાસ્થ્ય બગડતા તામીલનાડુમાં ભારે ઉચાટ

### જયાની તબિયતને લઈ ભારે સસ્પેન્સ : લોકો દ્વારા પ્રાર્થના : જયાને મળવા માટે સમર્થકોનો જોરદાર ધસારો

ચેન્નાઈ,તા. ૧૨

તમિળનાડુના મુખ્યપ્રધાન જયલલિતાની તબિયતને લઈને ભારે સસ્પેન્સની સ્થિતી બનેલી છે. અટકળબાજીના દોર વચ્ચે ગઈકાલે મોટી રાત્રે મોટો નિર્ણય કરવામાં આવ્યો હતો. જેના ભાગરૂપે રાજ્યપાલ સી. વિદ્યાસાગર રાવે જયલલિતા સ્વસ્થ ન થાય ત્યાં સુધી તેમના તમામ વિભાગ હવે રાજ્યના નાણાં પ્રધાન અને પૂર્વ મુખ્યપ્રધાન પનીરસેલ્વમને સોંપી દીધા છે. જયાના તમામ ખાતા પનીરસેલ્વમને સોંપી દેવામાં આવ્યા બાદ અટકળો વધારે તીવ્ર બની ગઈ છે. રાજભવન દ્વારા જારી કરવામાં આવેલા સંદેશમાં કહેવામાં આવ્યુ છે કે જયાની સલાહ પર આ નિર્ણય કરવામાં આવ્યો છે. જયાની પાસે હાલમાં પોલીસ, ગૃહ અને સામાન્ય બાબતોની જવાબદારી હતી. તેમની પાસે અન્ય કેટલીક જવાબદારી પણ હતી. પનીરસેલ્વમની પાસે નાણાં ઉપરાંત વહીવટી વિભાગની જવાબદારી હતી. જયાની તબિયતને લઈને સસ્પેન્સ વચ્ચે તેમના સમર્થકો અને અન્યો મળવા માટે પહોંચી રહ્યા છે. આ પહેલા આંધ્રપ્રદેશના મુખ્યપ્રધાન ચન્દ્રાબાબુ નાયડુએ તિરૂપતિ મંદિરમાંથી તેમના માટે પ્રસાદની વ્યવસ્થા કરી હતી. જમ્મુ કાશ્મીરના મુખ્યપ્રધાન મહેબુબા મુફ્તિએ પણ તેમના માટે કેટલીક ચીજો મોકલી હતી.



# લાલ કિલ્લાની સુરક્ષા માટે ૯૦ કમાન્ડો તૈનાત



## આતંકવાદી હુમલાના ખતરાને ધ્યાનમાં લઈ તૈનાતી : લાલ કિલ્લા ઉપરાંત દેશના અન્ય મહત્વના સ્થળો ઉપર પણ મજબૂત સુરક્ષા વ્યવસ્થા

નવી દિલ્હી, તા.૧૨

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં ઐતિહાસિક લાલ કિલ્લાની આસપાસ ૯૦થી વધુ એનએસજી કમાન્ડો તૈનાત કરી દેવામાં આવ્યા છે. આતંકવાદી હુમલાનો ખતરો તોળાઈ રહ્યો છે. આવી સ્થિતિમાં લાલ કિલ્લાની આસપાસ મજબૂત સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે એનએસજીના કમાન્ડો મોરચા સંભાળી ચુક્યા છે. દિલ્હીમાં જુદા જુદા મહત્વના સ્થળો ઉપર પણ સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરી દેવામાં આવી છે. હુમલાના ખતરાને ધ્યાનમાં લઈને સુરક્ષા વ્યવસ્થા મજબૂત બનાવવામાં આવી રહી છે. દેશના ઈતિહાસમાં લાલ કિલ્લાને ખૂબ જ મહત્વપૂર્ણ તરીકે ગણવામાં આવે છે.

● અનુસંધાન પાન-૭ પર

# સુરત રેલીમાં ભાજપ અડચણ ઉભી કરી શકે છે : કેજરીવાલ

### કેજરીવાલ સુરતમાં રવિવારે રેલી યોજશે : અમદાવાદમાં જુદી જુદી સંસ્થાઓના લોકો સાથે વાતચીત કરશે : લોકોની સમસ્યા રજુ કરવાની તક મળવી જોઈએ

નવી દિલ્હી, તા.૧૨

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે દહેશત વ્યક્ત કરતા કહ્યું હતું કે ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો રવિવારના દિવસે ગુજરાતમાં સુરત ખાતેની તેમની રેલીમાં ખલેલ પહોંચાડવાના પ્રયાસ કરી શકે છે. કેજરીવાલે આજે કહ્યું હતું કે તેમની સુરત બેઠકમાં ખલેલ પહોંચાડવાના પ્રયાસ થઈ શકે છે. ભાજપે આવા કોઈ પ્રયાસ કરવા જોઈએ નહીં. તેમની સમસ્યાઓ ઉપર ચર્ચા કરવા લોકોને મંજુરી આપવી જોઈએ. તેમણે એમ પણ કહ્યું હતું કે ગુજરાતમાં હવે જ્યારે તેઓ કાર્યક્રમ યોજવા જઈ રહ્યા છે ત્યારે તેને ખોરવી નાખવાના પ્રયાસ કરવામાં આવી શકે છે. શુક્રવારના દિવસે કેજરીવાલ ગુજરાતની બે દિવસની યાત્રા ઉપર રવાના થશે. તેઓ શુક્રવારના દિવસે અમદાવાદ પહોંચનાર છે. રવિવારના દિવસે તેઓ સુરત પહોંચશે. અમદાવાદમાં તેઓ જુદી જુદી સંસ્થાઓ અને મુવમેન્ટના લોકો સાથે વાતચીત કરશે. કેજરીવાલ ગુજરાતમાં આવી રહ્યા છે ત્યારે ગુજરાતમાં રાજકીય ગતિવિધિ વધુ તીવ્ર બને તેવા સંકેત દેખાઈ રહ્યા છે. અગાઉ કેજરીવાલના કાર્યક્રમોને લઈને હોબાળો થઈ ચુક્યો છે.





મહોરમ - અમદાવાદ શહેરમાં મહોરમ નિમિત્તે મુસ્લિમ બિરાદરોએ તાજીયા ઝુલુસ નિકાળ્યા હતા... મોડીસાંજે શાંતિપૂર્ણ રીતે શહેરમાંથી તાજીયા ઝુલુસને ઠંડા કરવા લઈ જવાયા હતા... ઝુલુસ દરમિયાન મુસ્લિમ પરિવારોએ શહાદતને યાદ કરી હતી....

# રાજ્યના ૨૧ વરિષ્ઠ પોલીસ અધિકારીઓની બદલીના હુકમો

ગાંધીનગર, તા.૧૨

રાજ્યના ૨૧ વરિષ્ઠ પોલીસ અધિકારીઓના બદલીના હુકમો બુધવારે મોડીસાંજે કરાયા હતા.

સી.આઈ.ડી. ડીજીપી શ્રી પ્રમોદકુમારની બદલી એડીશનલ ડીજીપી આર્મ યુનિટમાં કરાઈ છે. જ્યાંથી ડૉ. મીરા રામનિવાસને વધારાના હવાલામાંથી મુક્ત કરાયા છે. અમદાવાદના પોલીસ કમિશનર શ્રી શિવાનંદ ઝાની બદલી ડીજીપી (આઈ.બી.) તરીકે કરાઈ છે. જ્યાં શ્રી પ્રમોદકુમારને વધારાના હવાલામાંથી મુક્ત કરાયા છે.

સુરત પોલીસ કમિશનર આશિષ ભાટીયાની બદલી એડીશનલ ડીજીપી સીઆઈડી (ક્રાઈમ અને રેલવે)માં કરાઈ છે.

એડીશનલ ડીજીપી (ટેકનીકલ સર્વિસ) એ. કે. સિંઘ અમદાવાદના નવા પોલીસ કમિશનર તરીકે નિમાયા છે. અધિક ડીજીપી ક્રાઈમ રેકોર્ડ બ્યુરો કમ કોમ્પ્યુટર સેન્ટર શ્રી સંજય શ્રીવાસ્તવ, એડીશનલ ડીજીપી ટેકનીકલ સર્વિસનો વધારાનો હવાલો સંભાળશે.

એડીશનલ ડીજીપી સિક્યોરીટી (જીયુવીએનએલ)ની બદલી સુરત પોલીસ કમિશનર તરીકે કરાઈ છે. વડોદરાના પોલીસ કમિશનર શ્રી ઈ. રાધાકૃષ્ણનની બદલી (જીયુવીએનએલ)ના એડીશનલ ડીજીપી સિક્યોરીટી તરીકે કરાઈ છે.

એડીશનલ ડાયરેક્ટર એ.સી.બી. શ્રી હસમુખ પટેલને સ્ટેટ મોનીટરીંગ સેલના આઈ.જી.નો વધારાનો હવાલો સોંપાયો છે. આઈ.જી.પી. કોસ્ટલ સિક્યોરીટી નિરજ ગોત્રુને અમદાવાદ રેન્જના આઈ.જી. પી. તરીકે મુકાયા છે. ગાંધીનગર રેન્જના આઈ.જી.પી. મનોજ શશીધરની બદલી વડોદરા પોલીસ કમિશનર તરીકે કરાઈ છે.

આઈ.જી.પી. (ઈન્ટેલીજન્સ) શ્રી આર. બી. બ્રહ્મભટ્ટને ગાંધીનગર આઈ.જી. રેન્જનો વધારાનો વધારાનો હવાલો સોંપાયો છે.

મરીન ટાસ્ક ફોર્સના આઈ.જી.પી. નરસિંહમા કોમારની બદલી આઈ.જી. ટેકનીકલ સર્વિસીસ તરીકે કરાઈ છે.

જીઆઈડીસી મુંબઈના લાયઝન ઓફીસર તરીકે પ્રતિનિયુક્તિ પર ફરજ બજાવતા એસ. પાંડિયા રાજકુમારની બદલી જૂનાગઢ રેન્જ આઈ.જી.પી. તરીકે કરાઈ છે.











